RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૬૬ તા.૧૪–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરૂણ એસ.પાઠક
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) કાર્યપાલક ઈજનેરશ્રી લીંબાયતઝોનને સંબોધીને તા.૧૦–૬–૧૧ના રોજ આપેલ અરજીમાં જે બિનઅધિકૃત જણાઈ રહેલ બાંધકામની તપાસ કરાવી કાયદેસર થવા બાબતે કરવા આપેલ તે અરજીના અનુસંધાને જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૬/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)કાર્યપાલક ઈજનેરશ્રી લીંબાયતઝોનને સંબોધીને તા.૧૦–૬–૧૧ના રોજ આપેલ અરજીમાં જે બિનઅધિકૃત જણાઈ રહેલ બાંધકામની તપાસ કરાવી કાયદેસર થવા બાબતે કરવા આપેલ તે અરજીના અનુસંધાને જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૪૯૯ તા. ૦૨–૧૨–૧૧થી અધુરી તથા ખોટી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા મુદ્દા નં.૭ અંગે ખાસ તથા અરજદારની વિવિધ અરજી મળેલ હોય તો તે અંગે કરેલ કાર્યવાહીની નકલ સહ વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૯૧ તા.૨૦–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને મુદ્દા નં.૧ થી ૬ માં નિર્દિષ્ટ અરજીઓ તા. ૧૦–૬–૧૧, તા. ૧૯–૮–૧૧, તા. ૦૩–૯–૧૧, તા. ૦૫–૯–૧૧ તા. ૦૩–૧૦–૧૧ તથા તા. ૧૩–૧૦–૧૧ના રોજ કરેલ અરજીઓ મહાનગરપાલિકાને આપ્યાના આધાર સહ નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૯૯ તા.૨–૧૨–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૨૬–૧૨–૧૧ થી તા.૧૪–૧૨–૧૧ ના રોજ કરેલ અરજીની પહોંચની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૯૯ તા.૨–૧૨–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તા.૧૦–૬–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તા.૧૯–૮–૧૧ ના રોજ કરેલ અરજી ની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન ને તા.૩–૯–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયત ઝોન ને તા.૩–૧૦–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, કલેકટરશ્રીને તા.૩–૧૦–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તા.૧૩–૧૦–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી લંબાયતઝોનને કરવામાં આવેલ. જે અંગે અરજદારે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૪૯૯ તા. ૦૨–૧૨–૧૧થી અધુરી તથા ખોટી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદાર ની અરજીમાં મુદ્દા નં.(૧) કાર્યપાલક ઈજનેર શ્રી લીંબાયતઝોન ને સંબોધીને તા.૧૦–૬–૧૧ના રોજ આપેલ અરજીમાં જે બિનઅધિકૃત જણાઈ રહેલ બાંધકામની તપાસ કરાવી કાયદેસર થવા બાબતે કરવા આપેલ તે અરજીના અનુસંધાને જે પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા કરવામાં આવેલ અરજી અન્વયે અરજીમાં સંબોધેલ સોસાયટી આર.ડી.નગર અને સુભાષનગરનાં કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા કરવામાં આવેલ મંજુર પ્લાન લીંબાયતઝોન ખાતે ઉપલબ્ધ નથી. તેવું સમય અવધિમાં જણાવેલ. મુદ્દા નં.(૨) કાર્યપાલક ઈજનેર શ્રી લીંબાયતઝોન ને સંબોધીને તા.૧૯–૮–૧૧ના રોજ માનવ કલ્યાણ જનસેવા ટ્રસ્ટના લેટર પેડ ઉપર બે અરજીઓ કરવામાં આવેલ છે. તે અરજીઓના અનુસંધાને આપના ઝોન તરફથી જે કંઈપણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૩) કાર્યપાલક ઈજનેર શ્રી લીંબાયતઝોન ને સંબોધીને માનવ કલ્યાણ જનસેવા ટ્રસ્ટના લેટર પેડ

ઉપર સંતોષ નાના ઈદવે ધ્વારા તા.૩–૯–૧૧ના રોજ કરેલ અરજી જે આપણા ઝોન તરફથી તા.૫–૯–૧૧ ના રોજ ઈસ્યુ કરેલ છે. તે અરજીના અનુસંધાને કરેલ કાર્યવાહીની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ મોદી એસ્ટેટ વિભાગ–૧ નાં કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાન લીંબાયતઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ સમય અવધિમાં જણાવેલ. મુદ્દા નં.(૪) કાર્યપાલક ઈજનેર શ્રી લીંબાયતઝોન ને સંબોધીને અરૂણભાઈ પાઠક (બ્યુરો ચીફ લોકમંથન) ધ્વારા તા.૩–૧૦–૨૦૧૧ ના રોજ કરેલ અરજી જે બીન અધિકૃત તથા ગેરકાયદેસર બાંધકામ અટકાવી કાયદેસર થવા બાબતે કરેલ છે. જે ઉપરોકત અરજીના અનુસંધાને લીંબાયત ઝોન તરફથી જે કાંઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ પુષ્પાનગર સોસાયટીનો લે–આઉટ પ્લાન અગાઉ સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ વધુમાં લીંબાયતઝોન ખાતે ઉપલબ્ધ ટી.પી.સ્કીમના નકશા મુજબ ટી.પી. રોડમાં કોઈ બાંધકામ હોવાનું ધ્યાને આવેલ નથી. તેવું જણાવેલ.મુદ્દા નં.(૫) મે.કલેકટરશ્રી સુરતને સંબોધીને માનવ કલ્યાણ જન સેવા ટ્રસ્ટના લેટર પેડ ઉપર તા.૩–૧૦–૧૧ ના રોજ કરેલ અરજી જે સુરત મહાનગરપાલિકામાં તા.૧૧–૧૦–૧૧ ના રોજ ૩૯૯૩/૧૧ નંબરથી નોંધાયેલ છે. તથા સુરત મહાનગરપાલિકા, મુગલીસરા સુરત ધ્વારા લીંબાયતઝોનને તા.૧૪–૧૦–૧૧ ના રોજ જી/૧૪૯૭ નંબરથી ટ્રાન્સફર કરવામાં આવેલ છે. તે ઉપરોકત અરજીના અનુસંધાને જે કંઈપણ કાર્યવાહી કરવામાં આવી હોય તેની સ્પષ્ટ તથા સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા જણાવવામાં આવેલ વિગતો અંગે જણાવવાનું કે સોસાયટીનાં સી.ઓ.પી. નાં કબ્જા અંગેની કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.(૬) કાર્યપાલક ઈજનેર શ્રી લીંબાયતઝોન ને સંબોધીને માનવ કલ્યાણ જનસેવા ટ્રસ્ટના લેટર પેડ ઉપર તા.૧૩–૧૦–૧૧ના રોજ કરેલ અરજી જે નવાગામ ઈશ્વરકૃપા સ્કુલની બાજુમાં આવેલ શાકમાર્કેટ પે એન્ડ યુઝ બાથરૂમને લાગીને ચીકન–મટન અને મચ્છીની કેબીનો હઠાવી કાયદેસર થવા બાબતે કરેલ તે અરજીના અનુસંધાને જે કાંઈપણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નવાગામ ઈશ્વરપુરા સ્કુલની બાજુમાં આવેલ શાક માર્કેટ, પે એન્ડ યુઝ બાથરૂમને લાગીને માર્કેટની બહારની ટી.પી. રોડમાં તથા જાહેર માર્ગમાં નડતરરૂપો દબાણો દુર કરવા અંગે લીંબાયતઝોનના દબાણ વિભાગ ધ્વારા નિયમિતરૂપે કાર્યવાહી કરવામાં આવે છે. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૭) નવાગામ ખાતે આવેલ જયરાજ નગર પ્લોટ નં.૧૮૧, જેનો વેરાબીલ મુજબ ટેના. નં.: ૨૬ડી– ૧૫ –૯૬૬૫–૦–૦૦૧ છે તે વેરાબીલની વર્ષ–૨૦૦૦ થી ૨૦૧૧ સુધીની એટેસ્ટેડ નકલો આપશો તથા ઉપરોકત પ્લોટમાં આકારણી સમયે જે દસ્તાવેજો જમાં કરાવેલ હોય તેની એટેસ્ટેડ નકલો આપવા આપશ્રીને અમારી નમ્ર અરજ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અંશતઃ માહિતી પુરી પાડેલ છે. પરંતુ મુદ્દા નં.૨ અને ૭ નો પત્યુત્તર પાઠવેલ નથી તથા તે અંગે કોઈ તબદીલી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૭ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રે ની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ એસ.પાઠક,